આપીજ રહેલ છે. તે દૃષ્ટાને પિછાનવા, તેની મૂલવા, તેને માપવા, કેટલી માવધાનીની જરૂર છે, તેમાંજ અનેક આજનોનો ઉકેલ, અને કેટલીકની ચાવી સરસ્વતીચંદ્રમાં દાટવામાં આવી છે. સરસ્વતીચંદ્રમાંની ચર્ચા ચિંતનાત્મક કરતી કોઇ પણ સાહિત્યમાં અને ઉચ્ચ પ્રેરણામાં ખૂબ મહત્વ ધરાવે તેવી છે. અનેક ઉત્તર વિષયોને સ્પર્શનારી હોવા છતાં તે નવલકથા વાચનરસમાં તો પૂરેપૂરો ટકાવી રાખે છે. કેટલાકને ત્રીજા ભાગનું સંસ્કૃત પ્રકરણ અને બીજા ભાગની ચિંતનભરી ચર્ચા વાર્તારસમાં વિઘ્નરૂપ લાગે છે. આ વાપી નવલકથાના સ્વરૂપ માટે, કે વાર્તારસના રસિયા માટે કદાચ સ્વીકારી શકાય, પણ તેથી સરસ્વતીચંદ્રના ગુણોમાં કશી ઊણપ આવે એમ નથી. ગુજરાતના વિચારવંત વર્ગ પાસે ગોવર્ધનરામે ગુજરાતના જીવનની જુદી જુદી રૂપરેખા દોરી, ભવિષ્યમાં દૃષ્ટિ ફેંકી, સમસ્ત ગુજરાતમાં જે ઉત્સાહ, જે પ્રેરણા અને જે આનંદ પ્રસાર્યાં છે, તે ખરેખર ઊંચામાં ઊંચી પ્રશંસાને પાત્ર છે. લખાણુદ્વારા લોકોને કેમ કેળવવા, વધારે સમજદાર બનાવવા, અને છતાં લોકોનો વાંચવાનો મોહ ટકાવી રાખવો એ બતાવવામાં સરસ્વતીચંદ્રે ખૂબ યશસ્વી કામ કર્યું છે. ગુજરાતી સાહિત્યમાં સરસ્વતીચંદ્ર અજોડ અને વિશિષ્ટ પ્રતિના ગ્રંથ તરીકે હમેશાં સન્માન [illegible] શંકા નથી.

[illegible] છે. લખેશરી
[illegible] પામી, દેશ
[illegible] પ્રે[illegible]

સરસ્વતીચંદ્રમાં
શ્રેઠિયાનો બુદ્ધિશાળી
અને [illegible] વિચાર
હુ[illegible] માટે કે
[illegible] કામ મા
એ કરી

અણધારી રીતે એક સુશીલ કુમારિકાનો પરિચય થતાં, કુદરતી આકર્ષણને વશ થઈ, લગ્ન પછી પણ દેશકાર્ય થઈ શકશે એવી આશામાં લપટાઈ, લગ્ન કરવા તૈયાર થયો. પરંતુ ભાવનાઘેલા જુવાનિયાની પેઠે નજીવી બેરકશાહી ટીકાથી મગજ ફેરવી બેઠો, લગ્નનો વિચાર માંડી વાળ્યો, પોતાનું ઘર પણ તજી ગયો; દુનિયાનો અનુભવ લેવા અજાણ્યા રહેવાનું પસંદ કરી નીકળી પડ્યો. દેશી રાજ્યનો, કેટલાંક સારાં અને કેટલાંક સડેલાં કુટુંબોનો, ગરીબ જનતામાંથી થોડીક વ્યક્તિઓનો, બાવા સાધુઓનો અને કંઈક ગ્રામજનતાનો થોડો અનુભવ મેળવ્યો અને દેશના ભવિષ્ય વિષે ખૂબ કલ્પનાઓ કરી. પરંતુ તે બધા અનુભવને પરિણામે તે સમજ્યો કે ગરીબ થઈ રખડવાથી ધારેલું દેશકાર્ય થઈ શકશે નહિ. એટલે ફરી માબાપની સાથે રહેવા નિર્ણય કર્યો, લગ્ન કર્યાં અને કલ્યાણગ્રામની સ્થાપના કરી, પોતાનાં નાણાંનો સદુપયોગ કરવા પ્રવૃત્ત થયો.

સરસ્વતીચંદ્રમાં મુખ્ય વાત તો એટલી જ છે. પરંતુ વાતોરસ ટકાવી રાખવાની આવડત છે; ભાષાને નવીન જ અવતાર આપ્યો છે; વર્ણન, વિચાર અને પ્રસંગો કળાકારની પીંછીથી આલેખાયેલાં છે; પાનેપાને કવિત્વની ઝાંખી થયા જ કરે તેવી મનોરંજક શૈલી છે; સંસારનાં વિધવિધ દૃશ્યો, સુખદુઃખ અને સાચાખોટા પ્રસંગોના અનેક હિસ્સાઓ, ગુજરાતનાં ગૃહજીવન, રાજ્યખટપટ, જ્ઞાનચર્ચા, વગેરે અનેક બાબતો પર થયેલું લખાણ દરેક વાચકને આનંદ આપનારું અને ઊંચે લઈ જનારું છે. ચર્ચામાં કોઈ વાર પાંડિત્ય આવી જાય છે, પ્રસંગોમાં કોઈ વાર મર્યાદાનું ઉલ્લંઘન થયેલું લાગે છે, અને કલ્પનાના વિહારો કોઈ વાર વધારે પડતા ઊંચા અને તેથી અપ્રાપ્ય લાગે છે; છતાં મઢ્યા રાખી, અભ્યાસની દૃષ્ટિ રાખી વંચાય, તો જીવનને

'સાક્ષરજીવન' તો ગુજરાતી સાહિત્યના ઉત્તમોત્તમ ગ્રંથોમાં પણ અગ્રસ્થાને મૂકાય છે. સાક્ષરતા એટલે શું, ખરા સાક્ષરો કેવા હોય, જગત સાક્ષરો પાસેથી કેવી ઊંચી આશા રાખે છે, સાક્ષરો જ ખરા દેશચિંતક અને ખરા દેશોદ્ધારક છે વગેરે પૂર્વ અને પશ્ચિમના મહાન નરોનાં દૃષ્ટાન્તો આપી સમજાવ્યું છે. સાક્ષરોના ધર્મ સમજાવનાર અને તેની ખરી કિમ્મત કરનારું તે પુસ્તક કમભાગ્યે અપૂરું જ રહ્યું છે. આવા પુસ્તકને અધરું ગણી વિદ્વાનો પણ વિસારી મૂકે, તો ગુજરાતીમાં સારાં પુસ્તકોના અભ્યાસને ઉત્તેજન કયાંથી મળે ?

આ ઉપરાંત પણ ગોવર્દ્ધનરામે પુષ્કળ લખેલું છે. ગુજરાતના કવિઓની પિછાન કરાવી છે; સમકાલીન ચર્ચો ઉપાડી લઈ, અંગ્રેજી તથા ગુજરાતીમાં અનેક લેખો લખ્યા છે. આવાં ઊંચાં લખાણો ઉપરાંત ખાસ યાદ રાખવા જેવું તો એ છે કે તે માત્ર લેખનકાદુર જ નહોતા; જીવનમાં ઊંચા આદર્શને અનુસરનારા હતા. યુનિવર્સિટીમાંથી પસાર થયેલા વિદ્વાનોમાં એ પ્રથમ પંક્તિના ચિંતક, ઊંચા પ્રકારના સમાજસેવક, લોકપ્રિય અને લોકોપકારક લેખક, કવિત્વમય હૃદયવાળા અને ઉત્કૃષ્ટ શક્તિપૂર્ણ મગજવાળા સાધુપુરુષ હોઈ સાહિત્યાકાશમાં અચળ અને નિર્મળ તેજથી પ્રકાશ્યા કરશે.

યુનિવર્સિટીમાંથી બહાર પડેલા બીજા પણ કેટલાક પંડિતો ગોવર્દ્ધનરામની સાથે સાથે જ સાહિત્યસેવા કરનારા હતા. મણિલાલ નભુભાઈ, નરસિંહરાવ ભોળાનાથ, કેશવલાલ ધ્રુવ (ઈ. સ. ૧૮૫૬થી ૧૯૩૭) અને રમણભાઈ નીલકંઠ તે સમયના સાહિત્યવીરો છે. દરેકનું કામ જુદું હોવા છતાં, ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવામાં દરેકનો હિસ્સો પણ મોટો છે.

નવો જ રંગ લગાડી દેવાની ગંધી ગણિત તે પુસ્તકમાં છે. કોનદ્રંગામ બાનીપ્રસાદ, ગંજીર વિમારદ અને ચિંતદ્રંગ ઉપરોક્ત કોના ઉપનામ દેવા પૂર્વે અને મહાન ગમાજપ્રસારક હતા એમ તે પુસ્તક બતાવી આપે છે.

કોનદ્રંગામે 'નવરત્નીયક' ઉપરાંત બીજું પણ લખ્યું છે. 'લીલાવતીની જીવનકથા' અને 'રણરામનો અશ્વદેવ' એ બે ચરિત્રનાં પુસ્તકો કોના છતા અને કારા ગૃહજીવનના અને કૌટુંબજીવનના જે બ્યારો રસ્તુ કરવામાં આવ્યા છે તે બધા અભ્યાસ કરવા લાયક છે. વાચનારના જીવનને અત્યંત ઊંચી અસર કરે તેવા છે. 'સ્નેહમુદ્રા' અને 'માણેકજીવન' તો ગુજરાતી સાહિત્યની ઊંચામાં ઊંચી કૃતિઓમાં ગણના પામે છે. 'સ્નેહમુદ્રા' કાવ્ય છે; તેમાં પણ દેશોદ્ધાર અને તત્ત્વચિંતનનું તથા બીજા પદાર્થોના રહસ્યદર્શનનું એવું ગંભીર અને ઉત્કૃષ્ટ વર્ણન છે કે તેની બરોબરી કરી શકે એવું એકે પુસ્તક હજી સુધી ગુજરાતને મળ્યું નથી. તેમાં કોઈ કોઈ જગાએ રસક્ષતિ જેવું લાગે, કોઈ કોઈ જગાએ લખાણ કષ્ટસાધ્ય લાગે, કોઈ કોઈ જગાએ રુચિભંગ જેવો પ્રસંગ લાગે; આવા આવા કેટલાક દોષો તે કાવ્યમાં માલૂમ પડે છે, પણ તેથી તે નીરસ છે, દુર્બોધ્ય છે, ક્લિષ્ટ છે એમ સમજી તેને પઠનપાઠનમાંથી બાતલ કરવું એ તો માદિત્યના અભ્યાસમાં ખોટી ખલેલ પહોંચાડવા જેવું છે. અંગ્રેજીનો અભ્યાસ કરતી વખતે 'બ્રાઉનિંગ,' 'શેક્સપિયર,' 'એમર્સન' વગેરેને સમજવા માટે શ્રદ્ધાપૂર્વક શ્રમ કરનારા વિદ્યાર્થીઓ અને વિદ્વાનો 'સ્નેહમુદ્રા' માટે શ્રદ્ધા રાખી શકતા નથી એ આશ્ચર્યકારક છે. 'સ્નેહમુદ્રા'માં કુદરતનો પરિચય, તત્ત્વચિંતન, દેશપ્રેમ, દંપતીપ્રેમ વગેરેના આલેખનમાં સુંદર કવિત્વ અને ઉદાત્ત ભાવની ઉચ્ચતાનો જે અનુભવ થાય છે તે અત્યંત વિરલ જ છે.

'સાક્ષરજીવન' તો ગુજરાતી સાહિત્યના ઉત્તમોત્તમ ગ્રંથોમાં પણ અગ્રસ્થાને મૂકાય છે. સાક્ષરતા એટલે શું, ખરા સાક્ષરો કેવા હોય, જગત સાક્ષરો પાસેથી કેવી ઊંચી આશા રાખે છે, સાક્ષરો જ ખરા દેશચિંતક અને ખરા દેશોદ્ધારક છે વગેરે પૂર્વ અને પશ્ચિમના મહાન નરોનાં દૃષ્ટાન્તો આપી સમજાવ્યું છે. સાક્ષરોના ધર્મ સમજાવનાર અને તેની ખરી કિમ્મત કરનારું તે પુસ્તક કમભાગ્યે અધૂરું જ રહ્યું છે. આવા પુસ્તકને અધરું ગણી વિદ્વાનો પણ વિસારી મૂકે, તો ગુજરાતીમાં સારાં પુસ્તકોના અભ્યાસને ઉત્તેજન ક્યાંથી મળે?

આ ઉપરાંત પણ ગોવર્દ્ધનરામે પુષ્કળ લખેલું છે. ગુજરાતના કવિઓની પિછાન કરાવી છે; સમકાલીન ચર્ચો ઉપાડી લઈ, અંગ્રેજી તથા ગુજરાતીમાં અનેક લેખો લખ્યા છે. આવાં ઊંચાં લખાણો ઉપરાંત ખાસ યાદ રાખવા જેવું તો એ છે કે તે માત્ર લેખણકાદુર જ નહોતા; જીવનમાં ઊંચા આદર્શને અનુસરનારા હતા. યુનિવર્સિટીમાંથી પસાર થયેલા વિદ્વાનોમાં એ પ્રથમ પંક્તિના ચિંતક, ઊંચા પ્રકારના સમાજસેવક, લોકપ્રિય અને લોકોપકારક લેખક, કવિત્વમય હૃદયવાળા અને ઉત્કૃષ્ટ શક્તિપૂર્ણ મગજવાળા સાધુપુરુષ હોઈ સાહિત્યાકાશમાં અચળ અને નિર્મળ તેજથી પ્રકાશ્યા કરશે.

યુનિવર્સિટીમાંથી બહાર પડેલા બીજા પણ કેટલાક પંડિતો ગોવર્દ્ધનરામની સાથે સાથે જ સાહિત્યસેવા કરનારા હતા. મણિલાલ નભુભાઈ, નરસિંહરાવ ભોળાનાથ, કેશવલાલ ધ્રુવ (ઈ. સ. ૧૮૫૬થી ૧૯૩૭) અને રમણભાઈ નીલકંઠરામ તે સમયના સાહિત્યવીરો છે. દરેકનું કામ જુદું હોવા છતાં, ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવામાં દરેકનો હિસ્સો પણ મોટો છે.

નામનો નિબંધાત્મક ગ્રંથ, 'કાન્તા' નામનું સ્વતંત્ર નાટક, 'માલતી-માધવ' અને 'ઉત્તરરામચરિત'નાં ભાષાંતર વગેરે અનેક પુસ્તકો મણિલાલે લખ્યાં છે. આ બધાંથી પણ ખૂબ મહત્ત્વની સેવા કરનાર ગ્રંથ 'સિદ્ધાંતસાર' મણિલાલનું સર્વશ્રેષ્ઠ પુસ્તક છે. આર્યતત્ત્વજ્ઞાનનાં દર્શનોનો પરિચય આપનારું તે પુસ્તક ઉત્તમ માહિતી પૂરી પાડે છે એટલું જ નહિ, પણ તેમાં ભાષાની ગૌરવભરી શૈલી એવી તો ઉત્કૃષ્ટ છે કે મણિલાલની કીર્તિ તે ગ્રંથે અમર બનાવી છે.

નરસિંહરાવ ભોળાનાથ

મણિલાલનો પહેલો કાવ્યસંગ્રહ ૧૮૮૭ માં બહાર પડ્યો, તે જ વર્ષમાં નરસિંહરાવનું પ્રથમ કાવ્યપુસ્તક 'કુસુમમાળા' પણ પ્રગટ થયું. 'પ્રેમજીવન' સમકાલીન યશ મેળવવા ઠીક ભાગ્યશાળી બન્યું હતું–પણ 'કુસુમમાળા' તો ગુજરાતી કવિતાને નવીન અવતાર આપનાર પુસ્તક ગણાયું–સ્વીકારાયું છે. અંગ્રેજી અને સંસ્કૃતના અભ્યાસથી મળેલા નવા સંસ્કારથી નરસિંહરાવનાં કાવ્યોએ તદ્દન નવું સ્વરૂપ મેળવ્યું હતું. વિષયોમાં નવીનતા હતી, ભાષામાં સંસ્કૃત અભ્યાસની અસર હતી, છંદ અને અલંકારના પ્રયોગમાં બૂનાનવાનો સારો ઉપયોગ થયો હતોઃ આવા ગુણોથી તે કાવ્યો આહ્લાદક અને મોહક બન્યાં હતાં, એટલું જ નહિ, પણ ગુજરાતી કવિતાનો નવો જ પ્રકાર રજૂ કરનારાં હતાં. નવી કવિતાના પહેલા પુસ્તક તરીકે ગુજરાતે તેને ખૂબ વધાવી લીધું હતું. નરસિંહ, મીરાં આદિ જૂના કવિઓથી જુદાપણું તો હતું જ, પણ નર્મદ-દલપત જેવા ગઈ કાલના કવિઓથી પણ આ કવિમાં એવું જુદાપણું હતું કે ગુજરાતી કવિતાએ નવો અવતાર ધારણ કર્યો એમ 'કુસુમમાળા'ના પ્રકાશનથી સર્વને લાગ્યું.

નરસિંહરાવનું કાવ્યદેહન મંદ હોવા છતાં વરો મુખી

કેશવલાલ ધ્રુવ

ભાષાશાસ્ત્રના ઊંડા અભ્યાસી કેશવલાલ હર્ષદરાય ધ્રુવ મૂંગા અને શાંત કામ કરનારા હતા. જૂના સાહિત્યના પ્રકાશનમાં જે ધીરજ, ઉદ્યોગ, કુશળતા અને કળા જોઈએ, તે કેશવલાલમાં સારા પ્રમાણમાં અને ઊંચા પ્રકારનાં હતાં. સંસ્કૃતમાંથી ભાષાંતર કરવામાં પણ તેમણે અજબ શક્તિ બતાવી છે. ભાષાંતરકારમાં પણ કવિત્વ અને સર્જકબુદ્ધિ જરૂરનાં છે એ તેમનાં ભાષાંતરો પરથી આપણા જાણવામાં આવે છે. 'મુદ્રા રાક્ષસ,' 'ગીતગોવિંદ,' 'વિક્રમોર્વશી'ના તથા 'શ્રીહર્ષ' અને 'ભાસ'નાં કેટલાંક નાટકોના ભાષાંતરકાર તરીકે તેમની સેવા બહુ ઉત્કૃષ્ટ પ્રતિની છે. બાણની 'કાદંબરી' પ્રગટ કરવામાં અને પદ્મનાભના 'કહાનડદે પ્રબંધ'નાં પ્રકાશનમાં કેશવલાલે જ સઘળો શ્રમ લીધેલો છે. અત્યંત માયાળુ, દોષરૂપ ગણાય તેટલી બધી નિરભિમાન વૃત્તિ, ઠંડો, નરમ, સદ્‌ભાવપૂર્ણ સ્વભાવ અને સાહિત્યના કામમાં અશ્રાંત ઉદ્યોગ વગેરે ગુણોથી કેશવલાલ બહુ માન્ય અને પ્રિય બની રહ્યા હતા.

રમણભાઈ નીલકંઠ

રમણભાઈ નીલકંઠની સાહિત્યસેવા વિવિધ પ્રકારની હોવા છતાં તે બધા તો હાસ્યરસના પ્રથમ લેખક તરીકે જ પંકાયા છે. 'ભદ્રંભદ્ર'માંનો કટાક્ષ અંતભાગમાં વ્યક્તિગત તથા જરા અતિ તીવ્ર થઈ ગયો છે. છતાં ગમગીન સમાજના એક કટાક્ષ તરીકે તે પુસ્તક લાંબો વખત ટકી રહેશે. 'હાસ્યમંદિર,' 'નવી દંડસંહિતા' વગેરેમાંના લેખોમાં તેમની વિકૃત પરિસ્થિતિમાંથી હાસ્ય ઉપજાવવાની કળા સારી પેઠે ખીલી નીકળી છે. તત્કાલોપયોગી ચર્ચા કરવામાં અને વ્યાખ્યાનો અને લેખો

આ સમયમાં સાહિત્યની સેવા કરનારા બીજા નાનામોટા અનેક કાર્યકરો થયા છે. વિધવિધ વિષયનાં પુસ્તકો પણ ઠીક લખાયાં છે. તે બધાંમાંથી અહીં તો માત્ર 'કાદંબરી'ની નોંધ જ બસ થશે. કાદંબરી સંસ્કૃત સાહિત્યમાં સમાસપ્રચુર અને પ્રલંબિની શૈલીનું એક સારામાં સારું પુસ્તક છે. અન્ય ભાષામાં તેનો તરજુમો કરવો એ બહુ મુશ્કેલ છે. તેનું ગુજરાતીમાં ભાષાંતર કરવામાં છગનલાલ હરિલાલ પંડ્યાએ સારી સફળતા મેળવી છે. ભાષાંતર અત્યંત સુંદર થયું છે એટલું જ નહિ, પણ તે ભાષાંતરથી ભાષાનું નવીન પ્રકારનું સ્વરૂપ પ્રગટ થયું છે. નર્મદ, દલપત અને નવલરામના ગદ્યનું જે સ્વરૂપ હતું તેથી સરસ્વતીચંદ્ર અને નરસિંહરાવના ગદ્યનું સ્વરૂપ સારી પેઠે બદલાઈ ગયું છે. ગદ્યવિકાસના આ ક્રમમાં કાદમ્બરી ખૂબ મદદરૂપ થઈ છે. તે જ પ્રકારની મદદ ભોળાનાથ સારાભાઈની 'ઈશ્વરપ્રાર્થના માળા'એ પણ કરી હશે. ભાષાનો આ વિકાસ ધ્યાન ખેંચે તેવો છે.

યુનિવર્સિટીની પદવી લઈ, ઉચ્ચ જ્ઞાન મેળવી, તેનો પ્રચાર કરી ગુજરાતી સાહિત્યની સેવા કરનારા બીજા પત્ર થયા છે. હરિલાલ હર્ષદરાય ધ્રુવ (ઈ. સ. ૧૮૫૬–૧૮૯૬), આનંદશંકર બાપુભાઈ ધ્રુવ (ઈ. સ. ૧૮૬૯–૧૯૪૨), ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી (ઈ. સ. ૧૮૬૨–૧૯૨૬), નર્મદાશંકર દેવશંકર મહેતા(ઈ. સ. ૧૮૬૧ થી ૧૯૩૫),મૂળજીભાઈ મોહનલાલ ઝવેરી જન્મ (ઈ. સ. ૧૮૬૮) એ બધાએ વિદ્વત્તાથી અને સાહિત્યસેવાથી ગુજરાતને સારો લાભ આપ્યો છે. હરિલાલ ધ્રુવે કવિતા કરી છે, પણ કવિતા કરતા કરતા પણ જ્ઞાન કવિઓને ઉપલબ્ધ આપવાનું નેમનું કામ સાહિત્યસેવામાં વધારે ઉપયોગી થયેલું છે. 'ચંદ્ર' નામના માસિક

દ્વારા માદિત્યપૂર્ણ માદિત્ય શબ્દ કરવામાં પણ રમણભાઈ આદેશ રમ લેતા હતા. 'કુમુમમાળા'માંનું કાવ્યતત્ત્વ કેવું સુંદર અને ઉચ્ચ છે એ બતાવી રમણભાઈએ સમકાલીન અભિપ્રાયને ઘડવામાં મોટી મદદ કરી હતી. કાવ્યશાસ્ત્રની ચર્ચા ગુજરાતીમાં શરૂ કરનાર રમણભાઈ હતા. આ બધા ઉપરાંત તેમણે થોડી છૂટક કવિતાઓ તથા એક નાટક પણ લખ્યું છે. કવિતાઓ સીધા ઉદ્ગાર, સારા વિચાર અને આછા કવિત્વથી સુવાચ્ય બની છે, અને નાટક તો ગુજરાતી સ્વતંત્ર નાટકોમાં બહુ ઊંચું સ્થાન ભોગવે છે. 'રાઈનો પર્વત' પાત્રવિકાસમાં, પ્રસંગોની કુશળતાભરી યોજનામાં, ભાષા અને વિચારની સૌંદર્યભરી સરળતામાં, કાવ્ય અને સંવાદમાં આવેલી સફળતાભરી ચાહનાના અને એકંદરે નાટ્યસંયોજનમાં સચવાયેલી યોગ્યતામાં સારામાં સારું કળાવિધાન સાચવી શકેલ હોવાથી ગુજરાતીમાં સારામાં સારાં પાંચસાત નાટકોમાંનું એક સફળ નાટક છે.

રમણભાઈની લોકપ્રિયતા એટલા મોટા ક્ષેત્રમાં પ્રસરેલી હતી કે તે સાહિત્યસેવામાં આટલું કામ કરી શક્યા એ અચંબો પમાડે તેવી બીના છે. સ્વભાવે પરગજુ અને માયાળુ, તદ્દન સાદા અને સરળ હોવાથી; તેમનો સમય રોકનારા લોકોનો પાર જ નહોતો. અનેક બાજુથી ખૂબ ખેંચાખેંચ થતી હોવા છતાં રમણભાઈ ગંભીરતા અને શાંતિની સાથે સમયસૂચકતાથી અને સુવ્યવસ્થાથી લગભગ બધાને જ ઉપયોગી થતા, બધાને પોતાની સેવાનો લાભ આપતા.

તેમનાં [illegible]ોના સંગ્રહ ગુજરાત વર્નાક્યુલર [illegible]યટી [illegible]યા છે, [illegible]અભ્યાસીઓ માટે સારી

આ સમયમાં સાહિત્યની સેવા કરનારા બીજા નાનામોટા અનેક કાર્યકરો થયા છે. વિધવિધ વિષયનાં પુસ્તકો પણ ઠીક લખાયાં છે. તે બધાંમાંથી અહીં તો માત્ર 'કાદંબરી'ની નોંધ જ બસ થશે. કાદંબરી સંસ્કૃત સાહિત્યમાં સમાસપ્રચુર અને પ્રલંબિની શૈલીનું એક સારામાં સારું પુસ્તક છે. અન્ય ભાષામાં તેનો તરજુમો કરવો એ બહુ મુશ્કેલ છે. તેનું ગુજરાતીમાં ભાષાંતર કરવામાં છગનલાલ હરિલાલ પંડ્યાએ સારી સફળતા મેળવી છે. ભાષાંતર અત્યંત સુંદર થયું છે એટલું જ નહિ, પણ તે ભાષાંતરથી ભાષાનું નવીન પ્રકારનું સ્વરૂપ પ્રગટ થયું છે. નર્મદ, દલપત અને નવલરામના ગદ્યનું જે સ્વરૂપ હતું તેથી સરસ્વતીચંદ્ર અને નરસિંહરાવના ગદ્યનું સ્વરૂપ સારી પેઠે બદલાઈ ગયું છે. ગદ્યવિકાસના આ ક્રમમાં કાદમ્બરી ખૂબ મદદરૂપ થઈ છે. તે જ પ્રકારની મદદ ભોળાનાથ સારાભાઈની 'ઈશ્વરપ્રાર્થના માળા'એ પણ કરી હશે. ભાષાનો આ વિકાસ ધ્યાન ખેંચે તેવો છે.

યુનિવર્સિટીની પદવી લઈ, ઉચ્ચ જ્ઞાન મેળવી, તેનો પ્રચાર કરી ગુજરાતી સાહિત્યની સેવા કરનારા બીજા પણ થયા છે. હરિલાલ હર્ષદરાય ધ્રુવ (ઈ. સ. ૧૮૫૬–૧૮૯૬), આનંદશંકર બાપુભાઈ ધ્રુવ (ઈ. સ. ૧૮૬૯–૧૯૪૨), ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી (ઈ. સ. ૧૮૭૨–૧૯૨૬), નર્મદાશંકર કેવળશંકર મહેતા(ઈ. સ. ૧૮૭૧થી ૧૯૩૫).કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી જન્મ (ઈ. સ. ૧૮૬૮) એ બધાએ વિદ્વત્તાથી અને સાહિત્યસેવાથી ગુજરાતને સારો લાભ આપ્યો છે. હરિલાલ ધ્રુવે કવિતા કરી છે, પણ કવિતા કરતા કરતા પણ જુવાન કવિઓને ઉત્તેજન આપવાનું તેમનું કામ સાહિત્યસેવામાં વધારે ઉપયોગી થયેલું છે. 'ચંદ્ર' નામના માસિક

નર્મદાશંકર દેવશંકર મહેતા શક્તિશાળી અને સંસ્કારપુનિત હોવા છતાં તેમનું જીવન બીજી રીતે વ્યવસાયી હતું. એટલે તે સાહિત્યસેવા થોડી જ કરી શક્યા છે. સાહિત્યમાં 'અબાનું જીવન,' 'તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ,' 'શાક્તસંપ્રદાય' વગેરે લખીને કાંઈ કાંઈ ઉપયોગી સેવા કરી ગયા છે, પરંતુ તેમની શક્તિના પ્રમાણમાં તે સાહિત્યને ઉચિત લાભ આપી શક્યા નથી.

કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી ફારસી અને બંગાળીના સારા પંડિત છે અને તે તે ભાષામાંથી બબ્બે ચચ્ચાર સારાં પુસ્તકોનાં ભાષાંતર કરી ગુજરાતી સાહિત્યને સારો લાભ આપ્યો છે. ગુજરાતી સાહિત્યની પિછાન કરાવનારાં બે પુસ્તક તેમણે અંગ્રેજીમાં લખ્યાં છે—જે બન્નેનાં ગુજરાતીમાં ભાષાંતર થયાં છે. ગુજરાતી સાહિત્યનું, ગુજરાતી સમાજનું અને ઇતર પ્રકારનું જાહેર કામ કરવામાં હમેશાં તત્પરતા બતાવી, એકનિષ્ઠાથી અને શુભ વૃત્તિથી બધાં કામમાં સહકાર આપી તેમણે ખૂબ યશ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યાં છે.

મુંબઈની યુનિવર્સિટી સ્થપાયા પછી તુર્તમાં શિક્ષણનો લાભ મેળવી તેનો લાભ ગુજરાતને આપનારા આ બધા વિદ્વાનોએ ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી સમાજની ઊંચી સેવા બજાવી છે.

યુનિવર્સિટીના પદવીધરો જે જાતનું સાહિત્ય આપી રહ્યા હતા તે પહેલાંથી અહેરવાસી બહુ લોકોમાંના શિક્ષિત વર્ગમાં જ પ્રચાર પામતું હતું. અહેરની આપશિક્ષિત જનતા અને ગામડાંમાં વસતા વિશાળ જનસમુદાયને તે સાહિત્ય રસપ્રદ પણ કરી શકતું નહોતું તે બન્નેને ઉપયોગી થાય તેવું સાહિત્ય પણ ઓછું ઓછું લખાયું છે. સામાન્ય અશિક્ષિત જનતાને

પ્રકરણ ૬ : નવી કવિતા

ગોવર્દ્ધનરામ, મણિલાલ, રમણભાઈ એ બધાએ કવિતાઓ લખી છે અને તે બધી જ યુગપરિવર્તનના રંગથી રંગાયેલી છે, છતાં નવા યુગની કવિતા પર અસર કરી શકે તેવું સત્ત્વ તેમની કવિતામાં નહોતું. ગુજરાતી કવિતાને નવો અવતાર આપનાર અને નવ ગુજરાતને નવીનતાથી આકર્ષનાર અને અસર કરનાર તો નરસિંહરાવની કવિતા જ હતી. તેમની કવિતા સંખ્યામાં થોડી હોવા છતાં, તેની છાપ અને તેની અસર નવા યુગમાં પુષ્કળ થયેલ છે. મણિશંકર રત્નજી ભટ્ટ, બળવંતરાય ઠાકોર, હરિલાલ હર્ષદરાય ધ્રુવ જેવાને પણ પ્રેરણા અને પ્રકાશ નરસિંહરાવ તરફથી મળેલાં હતાં; મણિલાલ નભુભાઈ કે ભક્ત કવિ બાલાશંકર ઉત્તમરામ જેવાને અસર થવા માટે તો અવકાશ નહોતો. પણ ૧૮૯૦-૧૮૯૫ માં અને તે પછી થયેલા કલાપી, બોટાદકર, ખબરદાર, લલિત એ બધા પર મુખ્યત્વે નરસિંહરાવની અસર થયેલી દેખી શકાય છે. ગોવર્દ્ધનરામ મણિલાલની કાંઈક અસર કોઈ કોઈમાં માલૂમ પડે છે, પણ ક્રમબદ્ધ રૂપે જોતાં નવી કવિતાના સર્જક અને પ્રેરક તો નરસિંહરાવ જ હતા.

નરસિંહરાવથી મળેલો નવો અવતાર કાંઈ બ્રહ્માસ્ત્રની તો ટકી રહે જ નહિ. માહિત્યમાત્ર અને તેમાં કવિતા બાબત યુગે-યુગે રેફ બદલાયા કરે છે. નરસિંહ-મીરાં બધાની કવિતા તે બાપણી કવિતાનો જન્મમાં જૂનો અવતાર. તે પછી પ્રેમાનંદ,

બળવંતરાયમાં ભાવ અને કલ્પનામાં કોમળતા કે કમનીયતા કરતાં પાંડિત્ય અને બુદ્ધિવૈભવ વધારે છે, એટલે તેમની કવિતા, કેટલીક અત્યંત સુંદર હોવા છતાં, એકંદરે બહુ લોકપ્રિયતા પામી શકતી નથી. વિદ્વત્પ્રિય તો તે અવશ્ય છે. તેમણે અપનાવેલો પૃથ્વીછંદ અનુયાયી જુવાન કાવ્યલેખકોમાં સારો સ્વીકાર પામ્યો છે. નવા પ્રયોગો કરવાની ભવિષ્યદૃષ્ટિ બળવંતરાયની કીર્તિમાં વધારો કરનારી બાબત છે.

કલાપી

ગુજરાતને કાવ્યપ્રેમી અને કાવ્યપ્રશંસક બનાવનાર કલાપીએ (ઈ. સ. ૧૮૭૪ થી ૧૯૦૦), નરસિંહરાવ અને ન્હાનાલાલ એ બેની વચ્ચેના ગાળામાં કવિ તરીકે સારો યશ મેળવ્યો છે. હરિલાલ હર્ષદરાય ધ્રુવે થોડી કવિતાઓ કરી છે, પણ તે તો ભુલાઈ જતી લાગે છે. વેચાતી ન મળે, અને વાચન માટે સુલભ ન હોય, તો તેવી કવિતાઓ ઘણેખરે વિસરાઈ જાય. 'કુંજવિહાર' નામથી બહાર પડેલા તેના કાવ્યસંગ્રહમાં દેશોન્નતિ માટેની, દયાવતારની, અને કેટલીક વર્ણનાત્મક કવિતા અભ્યાસ કરવા લાયક છે. યુરોપના પ્રવાસ પછી લખેલી 'યુરોપપ્રવાસપુષ્પાંજલિ' પણ કાવ્યભંડારમાં ગણનાયોગ્ય છે. છતાં તે બધી કૃતિઓ વિસરાઈ પડી છે. કવિતાઓ વિસરાય તો ભલે, પણ હરિલાલે નવા લેખકોને પ્રોત્સાહન અને પ્રકાશન આપવાનું જે કામ કર્યું હતું તે તો ભુલાવું ન જોઈએ. 'ચંદ્ર' નામના માસિકદ્વારા કલાપી, મોટાભાઈ, ઉશનસ્, જયંત, ત્રિભુવન પ્રિયશંકર અને બીજા ઘણા ઘણા લેખકોને પ્રોત્સાહન મળ્યું હતું કલાપીને, 'કેકારવ' જેવા પત્રો પડેલાં, કવિ તરીકે ખીલવામાં 'ચંદ્ર'નો ફાળો ઘણો મોટો હતો. કલાપીએ

કાવ્ય અસલ સ્વરૂપમાં જ છપાયું છે એ વાચકની જાણ માટે નોંધવું જરૂરનું છે).

ન્હાનાલાલ

નરસિંહરાવે ગુજરાતી કવિતાને નવું સ્વરૂપ, નવો દેહ આપ્યાં. કલાપીએ મધુરા ઝંકાર કરતા પ્રવાહી છંદોમાં, લાગણીના મૃદુતાભર્યા કંપોત્કંપનાં અને હર્ષશોકના પ્રસંગોનાં ભાવભર્યાં વર્ણન કરી કવિતાને લોકપ્રિય બનાવી. ત્યાર પછીના આપણા નવા કવિ ન્હાનાલાલે (જન્મ ઈ. સ. ૧૮૭૭) ગુજરાતી કવિતાના સમગ્ર સ્વરૂપને મનોહર બનાવી દીધું. તેમણે સમજાવ્યું કે કવિતા એટલે કલ્પના; કવિતાની ભાષા એટલે સામાન્ય ભાષાથી જુદી પડતી ભાષા–અર્થઘન, પ્રકાશપૂર્ણ, માધુર્ય અને પ્રસાદ ભરેલી : શબ્દભંડારની સમૃદ્ધિ દાખવતી. કવિતા તણવી એટલે એક કાવ્ય આજે અને બીજું બીજે વરસે લખીએ તોય ચાલે એવું ગુજરાતી કવિલેખકો સમાધાનીથી સ્વીકારી લેતા. કલાપી સિવાય બીજા લેખકોમાં મંદતા સારી પેઠે માલૂમ પડે છે–પછી તે અવકાશને અભાવે હોય, ઊભરાને અભાવે હોય કે પ્રસંગો અને દારણોને પ્રભાવે હોય. આ બધાથી ન્હાનાલાલનો લેખપ્રવાહ વધારે વિપુલ અને વધારે વેગવાળો છે.

પ્રેમ અને લગ્નના ઊંચા આદર્શ ન્હાનાલાલની કવિતાનો ઘણો પ્રધાન સૂર છે. 'પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવાં' એમ લખનારો કવિ, 'મન માને તે વર, અને બીજા તે પર' એવું મમળાવવામાં પણ ગૌરવ નથી; લગ્ન એ કરાર નથી; લગ્ન એ બાદી સંસ્કાર પણ નથી; દિવ્ય પ્રેરણાથી આત્માનાં હૃદયોનું સમર્પણ એ લગ્ન છે. લગ્નની આ ઉજ્જ્વલ અને પવિત્ર

કાવ્ય અસલ સ્વરૂપમાં જ છપાયું છે એ વાચકની જાણ માટે નોંધવું જરૂરનું છે).

ન્હાનાલાલ

નરસિંહરાવે ગુજરાતી કવિતાને નવું સ્વરૂપ, નવો દેહ આપ્યાં. કલાપીએ મધુરા ઝંકાર કરતા પ્રવાહી છંદોમાં, લાગણીના મૃદુતાભર્યા કંપોત્કંપનાં અને હર્ષશોકના પ્રસંગોનાં ભાવભર્યાં વર્ણન કરી કવિતાને લોકપ્રિય બનાવી. ત્યાર પછીના આપણા નવા કવિ ન્હાનાલાલે (જન્મ ઈ. સ. ૧૮૭૭) ગુજરાતી કવિતાના સમગ્ર સ્વરૂપને મનોહર બનાવી દીધું. તેમણે સમજાવ્યું કે કવિતા એટલે કલ્પના; કવિતાની ભાષા એટલે સામાન્ય ભાષાથી જુદી પડતી ભાષા–અર્થઘન, પ્રકાશપૂર્ણ, માધુર્ય અને પ્રસાદ ભરેલી : શબ્દભંડારની સમૃદ્ધિ દાખવતી. કવિતા લખવી એટલે એક કાવ્ય આજે અને બીજું બીજે વરસે લખીએ તોય ચાલે એવું ગુજરાતી કવિલેખકો સમાધાનીથી સ્વીકારી લેતા. કલાપી સિવાય બીજા લેખકોમાં મંદતા સારી પેઠે માલૂમ પડે છે–પછી તે અવકાશને અભાવે હોય, ઊભરાને અભાવે હોય કે પ્રસંગો અને દારુણોને પ્રભાવે હોય. આ બધાથી ન્હાનાલાલનો લેખપ્રવાહ વધારે વિપુલ અને વધારે વેગવાળો છે.

પ્રેમ અને લગ્નના ઊંચા આદર્શ ન્હાનાલાલની કવિતાનો ઘણો પ્રધાન સૂર છે. 'પરણવું એટલે પ્રભુનામાં પગલાં માંડવાં' એમ લખનારો કવિ, 'મન માને તે વર, અને બીજા તે પર' એવું સમજવામાં પણ સ્થિરચિત્ત નથી; લગ્ન એ કરાર નથી; લગ્ન એ માટી સંસ્કાર પણ નથી: દિવ્ય પ્રેરણાથી આત્માનાં દેવોનું સમર્પણ એ લગ્ન છે. લગ્નની આ ઉચ્ચ અને પવિત્ર

ભાવના કવિતા દ્વારા ગુજરાતમાં લોકપરિચિત કરાવનાર ન્હાના-
લાલને કોઈએ પ્રેમના પેગમ્બર કહ્યા છે એ વાજબી જ છે.

ન્હાનાલાલની કવિતામાં પ્રસાદ છે, પ્રકાશ છે, પ્રતિભા અને
પ્રતાપ છે, છતાં તેમાં એક જાતની એકતાનતા–એકરૂપતા–પણ
છે. વિષયોનું વૈવિધ્ય પુષ્કળ હોવા છતાં, લેખનપદ્ધતીમાં એવું
ન્હાનાલાલત્વ વસી રહ્યું છે કે વાચકને રોચક અને આકર્ષક
લાગે, છતાં એકતાનતા પણ જણાઈ જ આવે. ગામડાંના લોકો-
ની વાત હોય કે અકબરશાહ—નૂરજહાંની વાત હોય, યોગી
બોલતો હોય કે મારધી બોલતો હોય, સંધમિત્રા હોય કે
મહાભારત હોય: વિવિધ પ્રતિના વિષયો હોવા છતાં લેખન-
પદ્ધતી બધી જ એકરૂપિણી છે. ન્હાનાલાલે છંદમાં ખૂબ સ્વ-
તંત્રતા લઈ, સરવાળા બાદબાકી દાખલ કર્યાં છે એ તો
સમજી, નિભાવી શકાય તેવું છે—કોઈ કોઈ ફેરફાર તો
અનુકૂળ જ નહિ, પણ રોહક છે એટલે અનુકરણીય બન્યા
છે. પણ તેમની ડોલનશૈલી કોઈ સમજી, સ્વીકારી, અપનાવી
શકયું નથી. ન્હાનાલાલને પોતાને હાથે તો તે સફળતા
મેળવી શકી છે; પણ તેમાં કોઇ નિયમ કે માપ નહિ હોઈ,
બીજા લેખકો તેને ઉપયોગમાં લઈ શકતા નથી. મણિશંકર
રત્નજી ભટ્ટ જેવાએ પણ પ્રયોગ કરી જોયો હતો, પણ ફાવ્યા
નહોતા. ન્હાનાલાલના લખાણમાં જે નૈસર્ગિક સત્ત્વ અને સ્વા-
ભાવિક ડોલન આવી રહે છે તે બીજા કોઈને સિદ્ધ થઈ શકયું
નથી. ડોલનશૈલી ન્હાનાલાલના એકલાની જ વિશિષ્ટતા રહી છે.

અલંકારની પુરાણી શાસ્ત્રોક્ત પ્રણાલિકામાં નવી રીતો ન્હાના-
લાલે દાખલ કરી છે. તેમની કલ્પના અલંકારપરંપરાનાં મોજાં
જેવાં ઉપરા ઉપરી અને એવા વેગથી ઉત્પન્ન કર્યા કરે છે કે એકને

શબ્દમય બનાવે ત્યાં બીજો ત્રીજો એમ અલંકાર ઘસારાપૂર્વક બહાર નીકળવા ઉછાળા મારી રહે છે. કેટલીક વાર તો આ ધમાલને પરિણામે એકબીજાનું વિસ્મરણ કે સંમિશ્રણ અજબ ગોટાળો ઉત્પન્ન કરે છે. કવિત્વની ઊંચી બક્ષિસ પામેલા કોઈ કોઈ ઉત્તમ કવિમાં માલૂમ પડતી આવી અસ્પષ્ટતા ઘણી વાર આહ્લાદક બને છે–પૂરેપૂરી રીતે સમજાય નહિ અને સમજાવી શકાય પણ નહિ, છતાં વાંચનારને વાચનમાં જ આનંદનો અનુભવ થયા કરે છે.

ન્હાનાલાલની કાવ્યસૃષ્ટિની નવીનતા દરેકે દરેક કૃતિમાં એક કે બીજે રૂપે દૃષ્ટિગોચર થયા જ કરે છે. 'વસન્તોત્સવ' અને 'જયા જયન્ત,' 'ઈન્દુકુમાર' અને 'મહાભારત,' 'નૂરજહાં' અને 'અકબર-શાહ,' 'વિશ્વગીતા' અને 'સારથિ' તથા 'કેટલાંક કાવ્યો'માંનાં કેટલાંક કાવ્યો ગુજરાતી કાવ્યદેહને નવીન અવતાર આપી ખૂબ સુંદર, આકર્ષક અને મનોરંજક બનાવનાર ન્હાનાલાલે સાહિત્યના સર્જનમાં વિશિષ્ટ નામના મેળવી છે.

અનેક વિશિષ્ટતાઓમાં તેમનાં ગીતો એક ઓર વધારો કરે છે. હૃદયને આર્દ્ર બનાવી, ભાવોનો ઉલ્લાસમય પ્રવાહ જગાવી, મગજને સુપ્રસન્ન કરી, ન્હાનાલાલનાં ગીતો શબ્દમાધુર્ય, લયમાધુર્ય, અને તાલમાધુર્યથી ઊંચા આનંદનો અનુભવ આપે છે. ગીતોમાં અપ્રયત્ન કલાવિધાન એવું સ્વાભાવિક રીતે જ આવી રહે છે કે સાંભળતાં વેંત જ અંતરમાં વસી જઈ, પરમ સાહિત્યાનંદનો વરસાદ અનન્ત ધારાથી વર્ષ્યા કરે છે. નરસિંહના પ્રભાતિયા, મીરાંનાં ભજનો અને દયારામની ગરબીની પેઠે ન્હાનાલાલનાં ગીતો પણ અજબ નૈસર્ગિક શક્તિની અનુપમ કૃતિઓ છે.

ખબરદાર

જ્ઞાનાદાતના સમકાલીન કવિલેખકોમાં ખબરદાર (જન્મ ઈ. સં. ૧૮૮૨) ખૂબ માન અને પ્રતિષ્ઠા પામ્યા છે. તેમનો કાવ્યપ્રવાહ અખૂટ ઝરણાની પેઠે અસ્ખલિત વહ્યા જ કર્યો છે. ખબરદારની સર્જકશક્તિ વાતાવરણને બહુ સફળ રીતે અને ત્વરાથી ઝીલી શકે છે, એટલે ખબરદારની સાહિત્યકૃતિનાં રૂપ-રંગ વાતાવરણ પ્રમાણે પલટાતાં રહ્યાં છે. દલપતરામની અસરથી રંગાયેલા હતા ત્યારે 'કાવ્યરસિકા,' નરસિંહરાવની અસરથી અંકિત થવા લાગ્યા ત્યારે 'વિલાસિકા,' દેશમાં સ્વરાજ્ય અને રાષ્ટ્રીયતાના ખ્યાલો પ્રસરી રહ્યા ત્યારે 'ભારતનો ટંકાર,' રાસનો જમાનો આવ્યો ત્યારે 'રાસચંદ્રિકા:' આમ સમય સમયના વાતાવરણને ઝીલી, તેના રંગથી રંગાઈ, સાહિત્યસર્જન કરવા તે હંમેશાં ઉદ્યુક્ત રહ્યા છે. સાહિત્યની સૃષ્ટિમાં જે કાંઈ 'ગુણગૌરવવંતુ' દૃષ્ટિગોચર થાય, તેનાથી મુગ્ધ થઈ તેના ગુણોને અપનાવી, તે ગુણોને પોતાની કૃતિમાં વણી દેવાની કુશળતા ખબરદારની કૃતિને નવનવીન અને મનોરંજક બનાવે છે. પરંતુ તે મનોહરતા કેટલો વખત રસદાયી રહેશે એ તો ભવિષ્ય જ કહી શકે. ખબરદારમાં સામાન્ય સત્ત્વ પુષ્કળ પ્રમાણમાં હોવા છતાં, બુદ્ધિ અને કલ્પના, કવિત્વ અને આદર્શ, રસની સમજ અને ભાવના ઉમળકા, વગેરે સાધારણ પ્રતિનાં જ છે એટલે તેમની બધી કૃતિઓ સાહિત્યનિધિનાં અમૂલ્ય રત્ન તરીકે ભાગ્યે જ ગણાશે. 'ગુણવંતી ગુજરાત' જેવાં થોડાં કાવ્યો અમર કીર્તિ અવશ્ય ભોગવશે. અલબત્ત, યુગવિજયી તો તેમની બધી જ કૃતિઓ હતી. 'સંદેશિકા,' 'ભારતનો ટંકાર' જેવી કૃતિ અવશ્ય લાંબો વખત ટકશે; 'દર્શનિકા'ના વખાણનારા હાલ છે તેટલા રહેશે કે કેમ એ શંકા જેવું છે; સમકાલીન કીર્તિ પ્રાપ્ત કરવામાં તો ખબરદાર ઘણા જ ભાગ્યશાળી છે.

બોટાદકર

બોટાદકર અને 'લલિત' એ બે બીજા કાવ્યલેખકો ખબરદાર કે ન્હાનાલાલ જેટલા વિપુલ પ્રવાહી ન હોવા છતાં તે બંનેએ ગુજરાતી સાહિત્યમાં સારો ફાળો આપ્યો છે. બોટાદકર (ઈ. સ. ૧૮૭૦–૧૯૨૪) અને લલિત (જન્મ ઈ. સ. ૧૮૭૭) બંને ગૃહજીવનના કવિ છે. બોટાદકરે દામ્પત્યપ્રેમ અને હિન્દુ સંસારનાં ઘરોમાં આદર્શરૂપ મનાયેલી સંપ અને સુખવર્ષી સ્થિતિનો સરસ ચિતાર આપ્યો છે. કુટુંબીજનના પરસ્પર સ્નેહભાવ કેવા સુખદ હોય છે, અને સ્વજનના સહવાસથી સંસાર કેવો સુખમય બને છે, એ વિષેનાં કેટલાંક સુંદર કાવ્યો, અને વિશેષે કરીને, રાસો લખી બોટાદકરે ગૃહજીવનની ઊજળી બાજુ બતાવી, હિન્દુ સંસારના સુંદર આદર્શોને કાવ્યમય બનાવ્યા છે. બોટાદકર સંસ્કૃતના સારા પંડિત હતા અને તેથી કેટલીક વાર સંસ્કૃત શબ્દોનો વધારે પડતો ઉપયોગ કરી બેસે છે. કોઈક વાર તો આખી લીટી એક જ સમાસની બનેલી હોય છે. આવું છતાં તેમની ભાષા સૌથી સમજાય તેવી તથા વિચારો સર્વગમ્ય હોવાથી તેમનાં કાવ્યો એકદમ કંઠે રહી જાય છે. ભાવ અને પ્રસંગો સહુના અનુભવમાં એકદમ આવી જાય તેવા હોવાથી વાચકો સંપૂર્ણ આસ્વાદ લઈ શકે છે–અને કોઈવાર તદ્દન અજાણ્યો સંસ્કૃત શબ્દ આવી જાય છે તો પણ વાચક તેને વિનાસંકોચે નિભાવી લે છે.

'લલિત'—જન્મશંકર મહાશંકર બુચ

જીવનની શરૂઆતમાં દુઃખ અને પ્રતિકૂળ સંજોગોમાંથી પસાર થવું પડ્યું હતું એટલે તેમની કવિતા લખવાની શરૂઆત વિષાદ, ગ્લાનિ, અસંતોષ અને વિરાગી વૃત્તિથી થઈ હતી; પરંતુ જેમ જેમ વિષાદનાં વાદળાં દૂર થતાં ગયાં અને જીવનના આનંદનો અનુભવ થતા ગયો તેમ તેમ કાવ્યસૃષ્ટિ-

ીજા લેખકો

આ લેખકો ઉપરાંત અકેક બબ્બે સુંદર કાવ્યો લખી સાહિત્ય સમાજમાં સારું સ્થાન મેળવ્યું હોય એવા પણ કેટલાક લેખકો નોંધવા લાયક છે. 'ભૂલી પંથ ભમું દિનરાત, મને સંત બતાવેાજી વાટ'ના લેખક કેશવ હ. શેઠ (જન્મ ઈ. સ. ૧૮૮૮) જેમણે ચારપાંચ કાવ્યસંગ્રહ અને બીજું પણ સાહિત્ય લખવાની સારી પ્રવૃત્તિ કરી છે તે, ગિરનારનાં વન અને ઋતુઓનાં વર્ણન નવીન છટાથી લખનાર અને રતનબા ગરબો તથા બીજાં કેટલાંક રાષ્ટ્રીય અને બાળગીતો લખનાર ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ (જન્મ ઈ. સ. ૧૮૯૮), 'એક જ દે ચિનગારી' ના લેખક હરિહર ભટ્ટ (જન્મ ઈ. સ. ૧૮૯૫)ના જેવા લેખકોનાં કાવ્યો ભૂલાઈ જવાશે તો ગુજરાતી કાવ્યસંગ્રહમાં ઊણપ જ રહી જશે.

સામાન્ય જનસમુદાયમાં પ્રિય બની જનારા, શેરીના ફેરિયા અને ગાનારામાં પ્રચલિત થયેલા, વેપારી મંડળમાં કે, ગાયનનો અને ગાવાનો શોખ ધરાવનારને રંજનકારક થઈ પડનારા કેાઈ કેાઈ લેખક બહુ લોકપ્રિય અને ધ્યાન ખેંચનારા બની રહે છે, છતાં તેવાઓની કશી નોંધ અહીં લેવામાં આવી નથી. 'મણિકાન્ત કાવ્યમાળા'ના લેખક એક એવા શેરીના શોખીનોમાં ખૂબ પ્રિય બન્યા હતા. આવી સહેલી સરળ કવિતાઓ સાહિત્યમાં સ્થાન પામે તેવી નથી હોતી, છતાં અલ્પશિક્ષિત સમાજમાં થોડોક ગાનાનંદ અને કાવ્યાનંદ આપી લોકપ્રિય બની રહે છે. શ્રીમદ્‌વિલા, પાદપૂર્તિ, ઉખાણાં, વગેરેમાં કેાઈ કેાઈ વાર સારું કવિત્વ દૃષ્ટિગોચર થાય છે, પરંતુ તેવી વિગતો સાહિત્યના બૃહત્ ઇતિહાસમાં પણ નોંધ લેવા લાયક ગણવી કે કેમ એ પ્રશ્ન થઈ પડે; પ્રારંભિકામાં તો આટલો ઉલ્લેખ જ બસ છે

હાસિક નવલકથાઓ છે તેવી ગુજરાતીમાં લખવા નંદશંકરને એક અંગ્રેજ મિત્રે સૂચના કરી, તે પરથી કરણ વાઘેલાનો સમય પસંદ કરી કેટલાક આડવિષયોને પણ સમાવી, નંદશંકરે 'કરણઘેલો' એ નામ આપી એક નવલકથા લખી.

કરણઘેલામાં કેટલીક ચર્ચા અસ્થાને છે, ભૂતપ્રેતની વહેમભરી વાતો છે, ઐતિહાસિક હકીકતોમાં ભૂલો છે, તેમાં કળાવિધાન જેવું કાંઈ છે જ નહિ વગેરે દોષો છે એમ ટીકા કરવામાં આવે છે. નવલકથાનો આદર્શ નક્કી કરી, કરણઘેલાની પરીક્ષા કરવા બેસીએ ત્યારે તેમાં જે દોષો માલૂમ પડે તેને દોષો તરીકે સ્વીકારવા જરા પણ બાધ ન જ હોય. પરંતુ આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે જ્યારે કરણઘેલો લખાયો ત્યારે નવલકથાના સ્વરૂપ વિષે આજનું ધોરણ કોઈના ખ્યાલમાં પણ નહોતું. તે પુસ્તક તે જાતનું પહેલું જ પુસ્તક હતું. તેમાં કેટલીક રસમય હકીકત સરળ, રસભરી ભાષામાં આપવામાં આવી હતી; સ્થળ, સમય અને પ્રસંગનાં કેટલાંક સુંદર વર્ણનો હતાં; જનસમુદાયમાં પ્રચાર પામેલી કેટલીક બાબતોની રસિક ચર્ચા હતી; વાર્તારસ અસ્ખલિત વહેતો હતો. કોઈ કોઈ જગાએ વિષયાંતર થઈ ગયેલું હોવા છતાં મૂળકથા માટે ઉત્કંઠા ટકી રહેતી હતી. નર્મદ-દલપતની ભાષાથી કરણઘેલાની ભાષાનું સ્વરૂપ જુદું હતું. ભાષામાં સંસ્કાર વધારે હતા; લખાવટમાં આકર્ષકતા વધારે હતી; નાનામોટા બધાને તે એકસરખી રીતે ગમી જતી હતી. આવા ગુણોને લીધે કરણઘેલો લોકપ્રિયતા મેળવી શક્યો હતો. સામાન્ય વાચકોમાં તેમજ શાળાઓમાં બહુ પ્રચાર પામ્યો હતો.

કરણઘેલાના અનુકરણરૂપે કે તે પરથી સૂચન ગ્રહણ કરીને બીજી કેટલીક વાર્તાઓ લખાઈ છે; પણ કરણઘેલા જેટલી

છે. પાત્રાલેખન, પ્રસંગવર્ણન અને સંવાદચાતુર્યમાં ઊંચી જાતની કુશળતા છે. વાર્તારસ એવો અખંડ પ્રવાહે વહ્યા કરે છે કે તેમાં કોઇ કોઇ જગાએ આવતાં વિષયાંતર કે સ્ખલન વાચકને રસક્ષતિ કે રસભંગ જેવાં લાગવાને બદલે ઊલટાં બોધ-ભર્યા વિનોદ આપનારાં બને છે. ભાષા તો તત્કાલીન કે પૂર્વ-કાલીન કરતાં બહુ જ જુદા સ્વરૂપની છે. સંસ્કારી, સમર્થ, અર્થ-ભરી, અને પ્રસાદયુક્ત ભાષા એ સરસ્વતીચંદ્રના અનેક ગુણો-માંનો એક મુખ્ય ગુણ છે. સંસ્કૃત શબ્દોનો ઉપયોગ વધારે થયો છે, પણ તેથી ગુજરાતીપણું કમી થયું નથી. ગુજરાતી ભાષાનું આવું સામર્થ્ય અને આવું સૌંદર્ય પહેલી વાર છગનલાલ હરિલાલ પંડ્યાએ કાદમ્બરીના ભાષાંતરમાં બતાવ્યું હતું. કાદમ્બરી વિદ્વાનવર્ગમાં–સુશિક્ષિતવર્ગમાં પ્રચલિત અને પ્રિય પુસ્તક હતું, પણ સરસ્વતીચંદ્ર તો વિશાળ ગુજરાતી સમાજમાં પ્રચલિત અને પ્રિય થયું હતું–સરસ્વતીચંદ્રે ગુજરાતી ભાષાને નવતર સ્વરૂપ આપ્યું એટલું જ નહિ, પણ વાચકોની ઉત્કંઠાને પ્રજ્વલિત કરી. ગુજરાતના વિચારક્ષેત્રમાં ઉત્તમ સંસ્કારોનાં બી વરસાવી ગુજરાતને એવું તો મુગ્ધ બનાવી દીધું હતું કે ૧૮૮૭થી ૧૯૧૦–૧૫ સુધી ગુજરાત જાણે સરસ્વતીચંદ્રમય જ બની રહ્યું હતું.

સરસ્વતીચંદ્રના સીધા અનુકરણરૂપે એકાદ પ્રયત્ન થયો હતો. સમાજમાં અને દેશમાં શરૂ થયેલી નવી જાગ્રતિ અને તેથી ઉત્પન્ન થયેલા નવા વિચારો નવલકથાદ્વારા ચર્ચવાની દિશા સરસ્વતીચંદ્ર દ્વારા સૂઝી હતી. તેણે ગુજરાતીઓમાં અજબ મનોમંથન ઉત્પન્ન કર્યું હતું. તેને પરિણામે ઘણા ઘણા લેખકો-ને પ્રેરણા મળી હતી અને અનેક વાર્તાઓ લખાઈ હતી. પરંતુ ગોવર્ધનરામની બુદ્ધિ અને સર્જકશક્તિને વિસરાવે એવું સામર્થ્ય

ચંદ્રના વાતાવરણની છાપવાળી હતી; 'પાટણની પ્રભુતા'એ નવા લેખકના નિસર્ગપ્રાપ્ત સામર્થ્યને પ્રગટ કર્યું–'ગુજરાતના નાથ'થી તો તે સામર્થ્ય દિગ્વિજયી થઈ ગયું.

'ઘનશ્યામ' તખલ્લુસથી નવલિકાઓ લખનાર તરીકે કનૈયાલાલ મુનશી (જન્મ ઈ. સ. ૧૮૮૭) જાણીતા તો થઈ ચૂક્યા હતા. પહેલી બે નવલકથા પણ તે જ તખલ્લુસથી લખાઈ હતી. ગુજરાતનો નાથ અને તે પછીની નવલકથાઓ, નાટકો વગેરેથી મુનશીએ સાહિત્યસર્જક તરીકે અને ગોવર્દ્ધનરામ પછીના સમર્થ નવલકથાકાર તરીકે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે.

મુનશીની ભાષા સાધારણ ભણેલા શહેરીના જેવી છે. સરળ, સહેલી, ટૂંકાં ટૂંકાં વાક્યોમાં જ વિચાર વ્યક્ત કરી દેનારી, સામાન્ય વ્યવહારમાં હરહમેશ વપરાતી, સામાન્ય ભાષા છે. ભાષા સરળ હોવા છતાં તેમાં બળ અને વેગનો પ્રવાહ એકધારો છે; આડંબર કે પ્રયત્નરહિત છે એટલે વાચકોને એકદમ ગમી જાય છે.

ભાષાના આ આકર્ષક ગુણ ઉપરાંત મુનશીની નવલકથાઓમાં બીજો તેવો જ ગુણ કાર્યવેગ, કાર્યોત્સાહ, અને કાર્યસિદ્ધિનો છે. વાર્તારસ અસ્ખલિત વહેતો રાખવા માટે એક પછી એક કાર્યનો સ્વયમેવ ઉકેલ થતો હોવો જોઈએ અને તેવી કાર્યપરંપરા મૂળકથા સાથે એકરસ હોવી જોઈએ. મુનશીની નવલકથાઓમાં કાર્યપરંપરાનું ચક્ર પૂર્વાપર એવા ગાઢ સંબંધથી સંકળાયેલું અને એવા જોસથી ફરતું રહે છે કે મંદતા કે નિષ્ક્રિયતા ક્યાંય પેસી શક્તાં જ નથી. અલબત, આ ગુણ વસ્તુસંકલનાની ઉત્કૃષ્ટ શક્તિને લીધે જ તેનામાં આવ્યો છે.

પાત્રના આલેખનમાં અને કુદરતના વર્ણનમાં પણ મુનશીની કુશળતા ઊંચા પ્રકારની છે. પાત્રોની પિછાન આપવાના

વિજય અપાવ્યો છે. તેવો જ વિજય અપાવનાર મુનશીનો બીજો ગુણ ગુજરાતની અસ્મિતાનો સળગતો જ્વાળામુખી છે. ગુજરાતને અસ્મિતાનું પહેલું ભાન આપનાર કવિ નર્મદાશંકર. નર્મદાશંકર પછી તે લાગણી પર વળી ગયેલી રાખ ઉડાડી, અસ્મિતાઅંગાર ફરી સતેજ કરનાર રણજિતરામ. રણજિતરામના સહવાસથી હો, કે સ્વતંત્ર રીતે જાગેલી હો, પણ ગુજરાતની અસ્મિતાની જ્વાલા ભડકારૂપે ગુજરાતમાં ફેલાવનાર મુનશી.

જુવાનોને આકર્ષવામાં મુનશીનો વાસ્તવવાદ ઠીક કારણરૂપ બન્યો છે. ચેતન અને અચેતન પદાર્થોનાં વર્ણનમાં, પાત્રોના સંવાદમાં અને પરસ્પરના વર્તનમાં, હાલમાં જેને વાસ્તવપદ્ધતિ કહેવામાં આવે છે, તેનો મુનશીએ સ્વીકાર કર્યો છે; એટલે જુવાનોને આકર્ષવામાં, ઉત્તેજિત કરવામાં, અને સંતોષવામાં મુનશી સારી પેઠે ફાવી ગયા છે. મુનશીની પહેલાંના લેખકોમાં વાસ્તવિક વર્ણનવિવેચન નહોતાં એમ તો કહી શકાય જ નહિ. પરંતુ આજ સુધી વાસ્તવિકતામાં પણ અમુક મર્યાદા સચવાતી; કલ્પના અને ભાવનાના રંગો પૂરવામાં આવતા ત્યારે પણ અમુક ઉચ્ચ આદર્શનું, લેખનશુદ્ધિની ઉચ્ચતાનું અને ચારિત્ર્યની પવિત્રતાનું ધ્યાન અવશ્ય રાખવામાં આવતું. લેખકે આવું ગુરુપદ સાચવવાની જરૂર નથી; સાહિત્યમાં ચોખલિયાપણાને સ્થાન નથી; વર્ણનોમાં વાસ્તવિક પ્રસંગોને યથાસ્થિત આલેખવામાં કાંઈ ખોટું નથી એવો મત હાલના વાસ્તવવાદીઓ ધરાવે છે. મુનશીનાં લખાણમાં વાસ્તવવાદ પ્રકાશે છે અને તેથી જુવાનોમાં જે કે પ્રિયતા અને પ્રશંસા મળ્યાં છે, તો પણ સમગ્ર વાતાવરણમાં કલુષિતતા, ચારિત્ર્યશિથિલતા અને સંયમહીનતા દાખલ થઈ ગયાં છે. મુનશીનાં બધાં લખાણોમાં વાસ્તવવાદની વિકૃતસમજે ખૂબ અનર્થ કર્યો

સરસ્વતીચંદ્ર જેવા પુસ્તકની સાથે સરખાવી શકાય તેવું હજી સુધી તો એકે પુસ્તક ગુજરાતીમાં લખાયું જ નથી. અમુક પૂર્વગ્રહમાં સપડાયેલા અને મિથ્યાદૃષ્ટિને સાચી દૃષ્ટિ માની લેવાની ભ્રમણામાં પડેલા વાચકો હજી સુધી નહિ જોઈ શકયા હોય, તો હળવે હળવે જોઈ શકશે જ કે સરસ્વતીચંદ્રનાં બુદ્ધિવૈભવ, સંસ્કારઉચ્ચતા અને ઉદાર અને ઉદાત્ત હેતુ ખરેખર અદ્વિતીય છે.

ગોવર્દ્ધનરામ અને મુનશી એ બંને એવા જુદા જુદા સ્વભાવવાળી વ્યક્તિઓ છે કે તેમની કૃતિઓ પણ જુદા જુદા સંસ્કારવાળી જ હોય. સાહિત્યસર્જક તરીકે બંનેનો મુકાબલો કરવો એ સાહિત્યસેવકોને આનંદ આપનારી સેવા છે, પરંતુ પ્રારંભિકામાં માત્ર માહિતી જ આપવાનું રાખ્યું છે, એટલે અહીં તો અંગુલિનિર્દેશ જ–થોડી માહિતી જ બસ થશે. થોડો વખત તો ગોવર્દ્ધનરામની કીર્તિને ઝાંખપ લગાડે તેવો પ્રકાશ મુનશીની કીર્તિને મળ્યો હતો. 'વેરની વસૂલાત,' 'પાટણની પ્રભુતા,' 'ગુજરાતનો નાથ' એ ત્રણથી મળેલી કીર્તિ ઘણી ઊજળી હતી. ત્યારપછી પણ થોડે થોડે અંતરે નવલકથાઓ, નાટકો અને પ્રાસંગિક લેખો અને ભાષણોથી મુનશી સાહિત્યાકાશમાં ઠીક ઠીક ઝળકી રહ્યા હતા. પરંતુ ભરતી પછી ઓટ પણ આવે છે જ, એમ મુનશીની કીર્તિનો પ્રકાશ હળવે હળવે ઓછો થવા લાગ્યો. આ પરિણામ માટે માત્ર કુદરતી વાતાવરણ અને વસ્તુસ્થિતિ જ જવાબદાર છે.

મુનશીની લગભગ બધી જ કૃતિઓમાં માતૃમ પાની રેખ એ બાબત તરફ પ્રારંભિકના વાચનારાઓનું પણ લક્ષ ખેંચવાની જરૂર છે. બોધ, ઐતિહાસિક વ્યક્તિઓ અને પ્રસંગોમાં રાખવા રહેલી વિકૃતિ. ઐતિહાસમાં અમુક નિશ્ચિત સ્વરૂપ થયો

સીધી, ભદ્રલોકોના જીવનનો ચિતાર આપતી, નવલકથાઓથી લખવાની શરૂઆત કરી. 'દિવ્યચક્ષુ' બહાર પડતાં તે લેખક તરફ સૌનું ધ્યાન ખેંચાયું. 'દિવ્યચક્ષુમાં' મોટા લોકોની વાત છે, પણ તે વાતને સામાન્યજનતા અને રાષ્ટ્રીય વિચારોનાં આંદોલનો સાથે એવી એકરૂપ કરી દીધી છે કે અત્યાર સુધીની બધી નવલકથાઓમાં તે જુદી જાતની જ ભાત પાડી રહી છે. રમણલાલની પછીના લખનાર ઝવેરચંદ મેઘાણીની અને ઇતર લેખકોની નવલકથાઓમાં ઘણે ભાગે ગુજરાતી જીવન, શહેરના ભદ્ર લોકો, તથા ગ્રામજનતા વિષે લખાણ થયેલું છે; અને નિત્યના સાધારણ વ્યવહારમાંથી કથાઘટનાનાં સૂત્રો વણેલાં હોય છે એટલે વાચક જાણે રોજના જીવનમાં જ ઘૂમી રહ્યો હોય એવો અનુભવ મેળવે છે.

કથાભાગ અને રસપોષણના સાતત્યમાં રમણલાલ મુનશીના જેટલી જ કુશળતા બતાવે છે. વસ્તુની પસંગીમાં સંસારસમાજના જુદી પ્રતિના થરો લીધેલા હોઈ, રમણલાલ પણ મોટો વાચકવર્ગ મેળવી શક્યા છે. વાર્તાઓમાંના પ્રસંગો, પાત્રો, અને કથનપદ્ધતિમાં રચના અને યોજના ભિન્ન પ્રકારનાં હોવાથી તેમની નવલકથાઓ સારો ફેલાવો પામી શકી છે.

રમણલાલની કથાઘટનામાં વેશપલટા, ચમત્કાર, અને અણધારેલાં પરિણામો લાવવાની વિસ્મયજનક પદ્ધતિ ઠેકઠેકાણે માલૂમ પડે છે. આવા પ્રસંગો ગમે તેટલી કુશળતાથી યોજવામાં આવ્યા હોય તો પણ કળાવિધાનમાં ન્યૂનતા લાવ્યા વગર રહેતા નથી. ચમત્કૃતિ, દેખી ભદ્ર, ગુપ્ત વ્યવહાર અને કપટને તાદૃશ કરે તેવા અદ્ભુત પ્રસંગો, રસ્વાદમાં ઉપયોગી ટેકાઓ તરીકે સ્વપનાવવામાં આવતા હશે, પણ તેની કલાકૃતિ તરીકેની કોટિ ઊતરતી પ્રતિની કહ્યા વગર રહે તેમ નથી

સારી સફળતા મેળવી છે અને તેથી તેની નવલકથાઓ સારી લોકપ્રિયતા પ્રાપ્ત કરી શકી છે. 'વેવિશાળ', 'તુલસીક્યારો' 'પ્રભુ પધાર્યા' અને સમકાલીન સામાજિક જીવન નિરૂપતી બીજી નવલકથાઓથી મેઘાણીએ આપણા નવલકથાસાહિત્યમાં સારો ઉમેરો કર્યો છે.

કાઠિયાવાડના જૂના ઇતિહાસના તથા લોકસાહિત્યના શોખીન ગુણવંત આચાર્ય મેઘાણીના જેવા જ લેખક થવા જોઈતા હતા; પરંતુ કાંઈક નિસર્ગદત્ત બક્ષિસની ઊણપને લીધે, અને ખાસ તો શિક્ષણ અને પ્રયત્નમાં રાખેલી બેદરકારીને લીધે ગુણવંત આચાર્ય, શરૂ શરૂમાં આપેલી આશા પૂરી કરવા ભાગ્યશાળી થયા નથી. 'ત્રિલોચન,' 'ભૂતકાળના પડછાયા,' 'સોરઠી સંધ્યા' વગેરેએ કાંઈક ચમકાર બતાવ્યો હતો, પણ તે વિકસાવી કે ટકાવી શક્યા નહિ. કચ્છકાઠિયાવાડના ઇતિહાસમાં શોધખોળ કરી શ્રમસાધ્ય માહિતી મેળવી, જુદીજુદી વાર્તાઓ લખવામાં સારો ઉત્સાહ અને શક્તિ બતાવ્યાં; પણ સમાજવાદનો રંગ કાંઈક વધારે પડતો લાગી ગયો. સમાજની નીચામાં નીચી પાયરીના લોકો વિષે લખવાનું પસંદ કર્યું. તેવા લખાણમાં પણ સંસ્કાર, ઉચ્ચ આશય, ઉદાર આદર્શ, ઉમદા ભાવના વગેરે લાવી ઘણી સાહિત્યકૃતિઓ સર્જવા જેટલું સામર્થ્ય હોત, તો તો તેવું લખાણ પણ રુચિકર બનત. પરંતુ સાધારણ, અતિ સાધારણ કોટિથી આગળ જઈ શક્યા નહિ, એટલું જ નહિ પણ સમાજવાદ કેવળ સ્વપ્નમાં પણ નહોતો સૂઝ્યો તે જમાનામાં સમાજવાદના વિચારો અને આચારોનાં આરોપણ અને નિરૂપણની વાર્તાઓમાં કૃત્રિમતા અને અસ્વાભાવિકતા આવી ગયાં. આ દોષ રહ્યા છતાં, ગુણવંત આચાર્યની નવલકથાઓમાંથી 'દરિદ્રનારાયણ,' 'ઇન્દ્રાણી,' 'દરિયાલાલ,' 'રેંટિયાવાન' જેવી

જૂના ઇતિહાસ અને વર્તમાન લોકવાદ અને સમાજવાદને ભેળસેળ કરી સારી વાર્તા ઉપજાવી શકે છે એટલો એને જશ છે; બાકી, ભાષા, સંસ્કાર, લેખનઘાટી વગેરેમાં બેદરકારી જ નહિ, પણ ધ્યેયશૂન્યતા પણ રહેલી હોવાથી તેની નવલકથામાંની કોઈક જ સાહિત્યક્ષેત્રમાં પ્રવેશ મેળવી શકે તેવી છે.

ઉપર એક વાર કહ્યું છે તેમ ગુજરાતી ભાષામાં નવલકથાઓ તો પુષ્કળ લખાઈ છે, અને આ પ્રકરણમાં નોંધવામાં આવી છે તે ઉપરાંત પણ સારી નવલકથાઓ હોવા સંભવ છે. નવલકથા સાહિત્યનો અભ્યાસ કરી, તે વિષય પર સ્વતંત્ર પુસ્તક લખનાર નીકળે એ હવે તો બહુ આકાંક્ષાથી ઇચ્છવા જેવું છે. વાચકોને યાદ આપવાની જરૂર છે કે. મણિલાલ તંત્રી નામના એક ગૃહસ્થે વર્ષો પહેલાં આવો એક પ્રયાસ કર્યો હતો. નવલકથાસાહિત્યનો સંપૂર્ણ ઇતિહાસ લખનારો હવે તો તુર્તમાં જ નીકળવો જોઇએ.

પ્રકૃતિના ગુણદોષ પ્રગટ કરવાના, સંસારમાં અવનવા સંજોગોથી થતા લાભગેરલાભ બતાવવાના અને એવા એવા ઇતર હેતુથી લખાય છે. નાના રમૂજી ટુચકાઓ, સ્વતંત્ર રીતે કે નાનીમોટી વાર્તાઓમાં, આનંદ કે ઉપદેશ આતર લખાય છે. આવી નાની વાર્તાઓ અને ટુચકાઓમાં, હળવે હળવે કળાની સમજ દાખલ થતી ગઈ, અને નવલિકાનું સ્વરૂપ વિકસવા, નિશ્ચિત આકાર ધારણ કરવા લાગ્યું.

હાલ નવલિકાને નામે ઓળખાય છે તે પ્રતિના લખાણના પૂર્વઅવતાર તરીકે નાની નાની વાર્તાઓ જ હતી. માસિકોમાં અને સામાહિકોમાં તેવી વાતો પ્રગટ થતી. 'સુંદરીસુબોધ,' 'સમાલોચક,' 'વાર્તાવારિધિ' વગેરે માસિકો નાની નાની વાર્તાઓ, આકર્ષક અને મનોરંજક વાચન તરીકે, વખતે વખતે છાપતાં– 'વાર્તાવારિધિ' તો વાર્તાઓ માટે જ હતું.

આવી વાર્તાઓમાં અદ્‌ભુત અને ચમત્કારી પ્રસંગોથી કથાના રસને વધારે રુચિકર અને આકર્ષક બનાવવા પ્રયત્ન થતા ગયા; હળવે હળવે કળાવિધાન પર પણ લક્ષ જતું ગયું. 'સમાલોચક'માં મુનશીની વાતો નવલિકાના સર્વ ગુણો ધરાવતી હતી, પણ છતાં 'નવલિકા' એવું સ્પષ્ટ નામ તો 'ધૂમકેતુ'ની કૃતિઓના પ્રગટ થવા સાથે જ પ્રચારમાં આવ્યું. નવલિકાના પહેલા લેખક તરીકે– જો ભાષાંતરની ગણતરી ન કરીએ, કે આદી વાર્તાના સંગ્રહ ધ્યાનમાં ન લઈએ તો–મલયાનિલ ગણાવા જોઈએ. તેમની વાતોનો સંગ્રહ બહુ મોટો બહાર પડ્યો, તેમની વાર્તાઓ માસિકોમાં જ પડી રહી, અને વળી તે નાની ઉમરમાં જ ગુજરી ગયા એટલે તે ભણાઈ ગયા છે, ગુજરાતીમાં નવલિકાના પહેલા લેખક ન હોવા છતાં નવલિકાસાહિત્યના પ્રારંભ સાથે ધૂમકેતુ (જન્મ ઈ. સ. ૧૮૯૨)નું જ નામ જોડાઈ ગયું છે.

ઈ. સ. ૧૮૮૭)-દ્વિરેફે—માનસશાસ્ત્રની ગૂંચો બતાવવા તથા તેનો ઉકેલ કરવાની મનુષ્યબુદ્ધિના પ્રયત્નોનું સ્વરૂપ સમજાવવા વાર્તાઓ લખી હોય એમ લાગે છે. પાત્રો ઘણે ભાગે શહેરી જનતા અને ભદ્ર લોકોમાંથી જ પસંદ કરાયાં છે; ગ્રામજનતા-માંથી પાત્રો લેવાયાં છે બરાં, પણ એ પાત્રો ઘણે ભાગે શહેરનિવાસી જ થઈ ગયાં છે-વાર્તાઓમાં ગામડાનું વાતાવરણ કે વર્ણન ભાગ્યે જ માલૂમ પડે છે.

ગ્રામલોકો અને ગ્રામજીવનનો સીધો પરિચય પામી ગ્રામીણ વાતાવરણ ઊભું કરવામાં મેઘાણીએ સારી સફળતા મેળવી છે. મેઘાણીએ ત્રણચાર જુદા જુદા પ્રકારની નવલિકાઓ લખી છે. દુનિયામાં સિનેમા પટ પર રજૂ થયેલી કૃતિઓ-માંથી ઉત્તમ કૃતિઓ પસંદ કરી, તે પરથી સર્વદેશીય સ્વરૂપ-વાળી કેટલીક સુંદર વાતો ગુજરાતી વાચકોને આપી છે. ઇતિ-હાસમાં ડૂબકી મારી એ અતલ અને વિશાળ સાગરમાંથી કેટલીક રત્નકણિકાઓમાં જૂના સમયના રૂપરંગ આલેખી, શૌર્ય, પ્રેમ, કરુણા, ઉદારતા, આત્મત્યાગ, તેમજ કૂડકપટ, હલકાઈ વગેરે માનવમાત્રમાં કેવા કેવા સ્વરૂપે માલૂમ પડે છે એ બતાવનારી, ગ્રામજનતામાં માનવસુલભ ગુણાવગુણ કેવા વસી રહ્યા હોય છે, અને સંસાર અને સમાજમાં દ્વેષક્લેશ અને સુખદુઃખ કેવી વિચિત્ર પરિસ્થિતિ ઉત્પન્ન કરે છે એ બતાવનારી એમ વિવિધપ્રકારની વાતો લખી છે. 'પ્રતિમા,' 'પલકારા,' 'ચિતાના અંગારા,' 'તેજલડાયા' એ સંગ્રહો સારી પેઠે લોકપ્રિય બન્યા છે.

કાઠિયાવાડના ઇતિહાસનો આધાર લઈ ગુજરાંત આચાર્યે કેટલીક રસભરી વાતો લખી છે, અને જીવનના વિવિધરંગી બોધપાઠના અનુભવ પરથી રચેલી કેટલીક નવલિકાઓ લીલાવતી મુનશીએ પણ લખી છે.

કે આદર્શ જ વાર્તાઓ લખી છે, છતાં દરેકે દરેક પાછળ રણજિતરામનાં મન્તવ્ય અને વાચકોને શુભ માર્ગગામી કરવાની રણજિતરામની તમન્ના સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. આમદ અને રૂપાંદે, દોલત, માસ્તર નંદવદનરામ વગેરે એકે એક વાતમાં રણજિતરામની ભાવના; રણજિતરામની કલ્પના, રણજિતરામની ગુજરાત માટેની ચિંતા વાચકો પર ઊંડી અસર કરી રહે છે. રામમોહનરાયની 'રસીલી વાર્તાઓ'માં જીવનના કેટલાક ગૂઢ પ્રશ્નોના ઉકેલની ચિંતા દેખાય છે.

વાર્તાલેખનમાં હળવે હળવે જુદાંજુદાં પ્રયોજન સ્વીકારાતાં ગયાં છે. માત્ર કથારસથી વાચકોને મુગ્ધ કરી ઘડીક આનંદ આપવો, દુનિયાના જુદાજુદા અનુભવોથી વાકેફ કરવા, વગેરે અનેક હેતુથી વાર્તાઓ અને નવલિકાઓ હમણાં લખાવા લાગી છે. ગુલાબદાસ બ્રોકરે વર્તમાનમાં જુવાનવર્ગની મનોદશા કેવી રીતે આકુળવ્યાકુળ થઈ રહી છે તે બતાવવા તથા વ્યાપારી તરીકે વ્યવહારદક્ષતા તેમજ વર્તનમુદ્રતાના કેવા કેવા અનુભવ થાય છે તે બતાવવા વાર્તાઓ લખી છે. ડૉ. પ્રાણજીવન મહેતાએ ડાકટરી ધંધાના અનુભવ પરથી ચોટી વાતો લખી છે. આમ વાર્તાનું લખાણ હમણાં હમણાં ઠીક આકર્ષક બન્યું છે.

આમ વાર્તાતત્ત્વ જેમાં ન હોય, પરંતુ સ્વરૂપ પૂરતું જ વાર્તારૂપ રાખી, હાસ્ય, વિનોદ, મશ્કરી, કે કટાક્ષ ખાતર નાનીમોટી વાતો કે પ્રસંગવર્ણનદ્વારા નર્મ હાસ્ય અને સ્થૂલ હાસ્ય જેમાં નિરૂપિત થયેલ હોય એવું સાહિત્ય પણ હમણાં ઠીક લખાવા લાગ્યું છે.

આવા સાહિત્યની શરૂઆત રમણભાઈએ કરી એમ કહેવાય. હાસ્યમંદિરમાંના લેખોમાં અને નવી ઈનિશનલ્સમાં નર્મ અને સ્થૂલ હાસ્યનું સાહિત્ય નાનીમોટી વાર્તાદ્વારા અપાયું છે. હાસ્યરસ પ્રગટ કરવા ઉપરાંત કરવાનાં બીજાં

આવાં વિનોદાત્મક લખાણોમાંથી સાહિત્યકૃતિ તરીકે તો રમણભાઈ અને ધનસુખલાલનાં લખાણમાંથી કોઈ કોઈ જ સ્વીકારાય તેવાં છે. સાહિત્યગુણવાળી નવલિકા ગણાય એવી તો ઘણી થોડી છે. રમણભાઇની ચિઠ્ઠી, આંજણી તથા ધનસુખલાલની સાસુજી, બા, બીજવર જેવી વાતો નવલિકા તરીકે અવશ્ય સત્કાર પામે. અતિસુખશંકર ત્રિવેદી કૃત નિવૃત્તિવિનોદ અને સાહિત્યવિનોદ પણ આ જાતની જ કૃતિઓ છે. નવલિકામાં અને નર્મહાસ્યની વાર્તામાં તાત્ત્વિક ભેદ ઉદ્દેશ અને કળામય વિધાનના પ્રકારનો છે. નર્મહાસ્યની કોઈ કોઈ વાતમાં નવલિકાયોગ્ય કળાવિધાન આવી ગયું હોય ત્યારે તેની ગણના નવલિકા તરીકે અવશ્ય કરી શકાય. નવલિકા તરીકે ગણાતા છતાં નર્મહાસ્યનાં લખાણ શુદ્ધ સાહિત્યમાં સ્થાન પામે કે કેમ એ એક પ્રશ્ન છે. નવલિકા સાહિત્યની પેઠે, નર્મહાસ્ય સાહિત્ય પણ હમણાં હમણાં સારો વિકાસ પામે છે અને લોકપ્રિયતા પણ મેળવે છે. એટલે શુદ્ધસાહિત્યની મર્યાદાનું નિરાકરણ તો ભવિષ્યના સાહિત્યપરીક્ષકો માટે રાખવું એ જ યોગ્ય છે.

ધનસુખલાલ અને જાગીરદારની પેઠે સાધારણ જીવનવ્યવહારમાંથી પ્રસંગો ઉપસ્થિત કરેલા હોવા છતાં, રમણભાઈની પેઠે વિચિત્રતાના પાયા પર લેખકમારત ચણનારા, જ્યોતીન્દ્ર દવે વિચિત્ર સમજફેર, સ્વાભાવિક લાગે તેવો અર્થફેર, વક્રદૃષ્ટિ અને વક્રસમજથી કેવા ગોટાળા મચી રહે છે એ બતાવી, નર્મહાસ્યના અને કોઈકોઈ વખત સ્થૂલહાસ્યના ચોપ વર્ણનારા છે. તેમનાં નોંધપોથી અને રંગતરંગનાં પુસ્તકો નર્મહાસ્ય સાહિત્યમાં સારી ભાત પાડે છે. ધનસુખલાલ મહેતા અને જ્યોતિન્દ્ર દવેએ મળી 'અમે બધાં' નામની કૃતિમાં સુરતના મુખ્ય અને શુદ્ધદાનીના સામાન્ય જીવન નામિક રમણી
નર્મહાસ્યનાં પુસ્તકોમાં એ બે ભાગ પુસ્તકોનો ઉમેરો

પ્રકરણ ૯ : નાટક

સંસ્કૃતે નાટકસાહિત્ય જગતના ઉત્તમ નાટકસાહિત્યમાં પણ ઊંચું સ્થાન પામે છે. સંસ્કૃત કવિઓમાં ઉત્તમોત્તમ ગણાતાં બે ત્રણે ગુજરાત-કાઠિયાવાડ પ્રદેશમાંથી થયા છે; છતાં ગુજરાતીઓમાં નાટકસાહિત્યનો કાંઈ જ વિકાસ થયો નથી એ આશ્ચર્યની વાત છે. બંગાળી અને મરાઠી ભાષામાં નાટકસાહિત્ય સારું ખેડાયું છે, પરંતુ ગુજરાતી ભાષા એ સદ્‌ભાગ્યથી વંચિત જ રહી છે.

જૂના કવિઓમાંથી માત્ર એકલા પ્રેમાનંદના નામ પર ત્રણ નાટકો ચડાવાયાં છે. તે પ્રેમાનંદનાં જ લખેલાં, કે તેના સમયમાં લખાયેલાં હશે કે કેમ એ શંકા હજી સુધી તો સમાધાન વગર જ ઊભી છે.

તે નાટકો સંસ્કૃત નાટકોની જ પદ્ધતિથી લખાયેલાં છે; તેમાં ગુજરાતીત્વ તો થોડું જ છે. તે પ્રેમાનંદનાં હોય કે ગમે તેનાં હોય; ઊંચી કોટિના સાહિત્યમાં ગણના પામે તેવાં તો નથી જ.

જૂના અને મધ્યયુગના સમયમાં નાટકસાહિત્ય સરજાયું હોય તોપણ કશી જ માહિતી ઉપલબ્ધ નથી—નાટકોનો એક બગડેલો અવતાર મધ્યયુગમાં હતો એટલું જાણવામાં છે. ગ્રામલોકોને આનંદ અને વિનોદ આપનારી ભવાઈ નાટકના સંતાન તરીકે ગણીએ, તો તે બહુ જ બગડેલું સંતાન જ કહેવું

જોઇએ–બગડતાં બગડતાં એટલું હલકું થઇ ગયું હતું કે તેનું નામ લેતાં પણ શરમાવું જોઇએ. એક બીજું કાંઇક સભ્ય સંતાન હતું રામલીલાને રૂપે–ધાર્મિક તહેવારોમાં, ધાર્મિક શ્રદ્ધાથી, કૃષ્ણના અને રામના જીવન પરથી લીલાઓ ભજવાતી–પણ ભવાઈ કે રામલીલા નાટકસાહિત્યમાં ગણના પામી શકે તેવાં તો નહોતાં જ.

અંગ્રેજી રાજ્ય પછી દેશમાં જે શાંતિ ફેલાઇ તેને પરિણામે શહેરો સમૃદ્ધ થતાં ગયાં અને શહેરી જનતાને આનંદવિનોદનાં સાધનોની જરૂર લાગી. આવી જરૂરિયાતમાંથી શહેરોમાં નાટક ભજવવાની શરૂઆત થઇ. મુંબઇમાં તે શરૂઆત પારસીઓએ કરી–પહેલાં તો ઉર્દૂ–હિન્દુસ્તાનીમાં ભજવાતાં, પણ ધીમે ધીમે ગુજરાતી ભાષામાં ભજવાવા લાગ્યાં. પારસી કંપનીઓ બીજાનાં લખેલાં નાટકો વેચાતાં લેતી. ગુજરાતીમાં લખનારાઓને આથી સારી તક મળતી. આવા લખનારાઓમાંથી એક વાર બે ત્રણેક લેખકો તે કંપની પાસે પોતાનું નાટક લઇને ગયા, પણ કંપનીએ તેની બહુ કદર ન કરી. લેખકોને તેથી ગુસ્સો ચઢ્યો અને પોતાના નાટકની યોગ્યતા પુરવાર કરવા એક નાટક કંપની કાઢી, પારસી કંપનીવાળા પાસે બત કબૂત કરાવવી એવો આગ્રહ તે લેખકોએ પકડ્યો. તે ઉપરથી તેઓ રણછોડભાઇ ઉદયરામ ઢવે પાસે ગયા, અને વસ્તુસ્થિતિ સમજાવી તેમની મદદ માગી. રણછોડભાઇએ પૂરા ઉત્સાહથી મદદ કરી. 'ગુજરાતી નાટક કંપની' જેવા નામથી એક નાટક કંપની બધાએ મળી કાઢી. રણછોડભાઇ એ કંપનીને નાટકો લખી આપતા. આ કંપની આશરે વર્ષ ચાલી. તે ચલાવવા જેવું ન જણાતાં બધાએ મળી લેખકોએ તે વેચી નાખી. પછી તે રણછોડદાસે લીધી, અને 'મુંબઇ ગુજરાતી નાટક કંપની' એવું નામ

સંવાદ, કોઇ પાત્રચિત્ર, કોઇ ગીત સારાં હતાં; પરંતુ તેવાની કદર કરવા હમણાં સાધન નથી. ઇ. સ. ૧૯૦૮ સુધીનાં જુદાં જુદાં નાટકોમાં સારાં કવિત્વ અંશવાળાં સંગીતો સંગીતમંજરી નામના એક[૪] કાવ્યસંગ્રહમાં દાખલ કરવામાં આવ્યાં છે. પરંતુ અભ્યાસની દૃષ્ટિ કાંઈક ટૂંકી અને એકતરફી, મમત્વની પક્ષપાતવાળી કદરવૃત્તિ, જૂનાં લક્ષણોને ભૂલાય તો ભલે એવી પ્રકૃતિ, વગેરે વગેરે કારણોથી ગુજરાતી સાહિત્યમાં અનેક ઊણપો રહે છે. આ કારણથી નાટકો તરફ ઉદાસીનતા ચાલુ જ છે. મુંબઇ ગુજરાતી નાટક કંપનીનાં પણ કોઈ કોઈ નાટક અથવા તો તેમાંનાં કાવ્યો, સંવાદો કે પ્રસંગો ભૂતકાળના વિસ્મૃતિગર્તમાંથી બહાર કાઢવા લાયક તો અવશ્ય હશે. તે કંપનીનાં નાટકોમાંનું એક 'સૌભાગ્યસુંદરી' ઘણું જ લોકપ્રિય થયું હતું. તે નાટકના મૂળ લેખક નથુરામ સુંદરજી કવિ હતા, અને કે મૂળ કૃતિ પર સુધારાવધારાના અનેક અખતરાઓ કરવામાં આવ્યા હતા એમ અધિકારીઓ તરફથી કહેવામાં આવ્યું હતું.

મુંબઇ ગુજરાતી કંપની કમાણી કરવામાં ફાવવા મંડી એટલે નાટક કંપની કાઢવા તરફ બીજા લોકોનું વલણ થવા લાગ્યું. કેટલીક કંપનીઓને કેટકેટલા ખેલો બજ્યા હશે એ વિષે ઐતિહાસિક નોંધ તો કોઇએ કરી નથી. બે ચાર પાંચ કંપની ચાલીતી થઇ હતી, એટલે તે વિષે મોટી માહિતી આપી શકાય તેવું છે. 'મોરબી આર્યસુબોધ નાટકકંપની મૂળજી આચારાએ કાઢી હતી; માલેકના ભાઇ બાપજી આચારામ (ઇ. સ. ૧૮૫૦ ૧૮૯૭) તે કંપની માટે નાટકો લખતા હતા. તે કંપની કાઠિયાવાડમાં સારી કમાણી કરી ગઇ એટલે

[illegible]

